# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

Date : 23-09-2024 Midday : 1.20 to 1.30
Day : Monday National News

**આકાશવાણી સમાચાર યશ્વી મહેતા વાંચે છે.**

*****************************************************

- પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ જણાવ્યું છે કે, ભારત આગામી પાંચ વર્ષમાં વિશ્વનું ત્રીજું સૌથી મોટું અર્થતંત્ર બની જશે. આ લક્ષ્ય તેમનાં ત્રીજા કાર્યકાળમાં જ પૂર્ણ કરવામાં આવશે
- ભારત, અમેરિકાના સહયોગથી રાષ્ટ્રીય સલામતી માટે સમર્પિત નવો સેમિકન્ડક્ટર ફેબ્રિકેશન પ્લાન્ટ શક્તિ સ્થાપશે
- જમ્મુ-કાશ્મીર વિધાનસભા ચૂંટણીના બીજા તબક્કા માટેનો પ્રચાર આજે સાંજે સમાપ્ત થશેઃ રાહુલ ગાંધી બે જાહેરસભા સંબોધશે
- ચૂંટણીની તૈયારીનાં ભાગ રૂપે મુખ્ય ચૂંટણી કમિશનર રાજીવ કુમારના નેતૃત્વમાં ચૂંટણી પંચની ટીમ રાંચી પહોંચી
- શ્રીલંકામાં નેશનલ પીપલ્સ પાવર પાર્ટીના નેતા અનુરા કુમારા દિસાનાયકેએ રાષ્ટ્રપતિ તરીકે શપથ લીધા.

*****************************************************

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

## MODI US VISIT

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી તેમનાં અમેરિકાનાં પ્રવાસનાં ત્રીજા અને અંતિમ દિવસે ગઈ કાલે મોડી રાત્રે ન્યૂયોર્ક પહોંચ્યા હતા. આ દરમિયાન તેમણે અમેરિકામાં

વસતા ભારતીય સમુદાય, અમેરિકાની ટોચની કંપનીના સીઇઓ અને વિવિધ રાષ્ટ્રોના વડાઓ સાથે મુલાકાત કરી હતી. ઉદ્યોગપતિઓ સાથેની બેઠકમાં શ્રી મોદીએ જણાવ્યું કે ભારત આગામી પાંચ વર્ષમાં વિશ્વનું ત્રીજું સૌથી મોટું અર્થતંત્ર બની જશે. આ લક્ષ્ય ત્રીજા કાર્યકાળમાં જ હાંસલ કરવામાં આવશે. તેમણે જણાવ્યું કે, ભારતનું ઇલેક્ટ્રોનિક સેક્ટર 150 અબજ ડોલરથી વધુ છે અને તેને 2030 સુધી 500 અબજ ડોલર સુધી લઈ જવાનું લક્ષ્ય છે.

શ્રી મોદીએ અમેરિકામાં બોસ્ટન અને લોસ એન્જલસમાં બે નવા ભારતીય વાણિજ્ય દૂતાવાસ ખોલવાની જાહેરાત કરી હતી. પ્રધાનમંત્રીએ ન્યૂયોર્કના લોંગ આઇલેન્ડમાં નાસાઉ કોલિઝિયમમાં એક કાર્યક્રમમાં ભારતીય સમુદાયની વિશાળ જનમેદનીને સંબોધિત જણાવ્યું હતું કે, અહીં વસતા મુળ ભારતીયો દેશનાં મજબૂત બ્રાન્ડ એમ્બેસેડર રહ્યા છે અને તેમણે અમેરિકાને ભારત સાથેઅને ભારતને અમેરિકા સાથે જોડયું છે.

દરમિયાન, ભારતમાં રાષ્ટ્રીય સલામતી માટે સમર્પિત નવો સેમિકન્ડક્ટર ફેબ્રિકેશન પ્લાન્ટ-શક્તિ સ્થાપવા માટે ભારત-અમેરિકા વચ્ચે સૌ પ્રથમ વાર જોડાણ કરવામાં આવ્યું છે.

આકાશવાણીના પ્રતિનિધિ જણાવે છે કે અમેરિકન લશ્કરે ઉચ્ચ મૂલ્ય ધરાવતી આ ટેકનોલોજી માટે ભારત સાથે સૌ પ્રથમ વાર ટેકનોલોજી ભાગીદારી કરી છે. આ ફેબ પ્લાન્ટ માત્ર ભારત જ નહીં પણ સમગ્ર વિશ્વનો રાષ્ટ્રીય સલામતી માટેનો પ્રથમ મલ્ટી મટિરિયલ ફેબ છે.

દરમિયાન, પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ આજે સવારે કુવૈતના ક્રાઉન પ્રિન્સ શેખ સબાહ અલ-ખાલિદ અલ-સબાહ સાથે દ્વિપક્ષીય વાતચીત કરી હતી. આ ઉપરાંત, શ્રી મોદીએ પેલેસ્ટાઇનના પ્રમુખ મહમુર અબ્બાસ સાથે બેઠક કરી હતી અને ગાઝામાં સર્જાયેલી માનવીય કટોકટી અંગે ચિંતા વ્યક્ત કરી હતી.

પ્રધાનમંત્રી મોદીએ તેમનાં નેપાળના સમકક્ષ કેપી શર્મા ઓલી સાથે પણ વાતચીત કરી હતી. શ્રી મોદી આજે સંયુક્ત રાષ્ટ્ર સંઘની મહાસભાને સંબોધશે..

# DAY- J&K-CAMPAIGNING/RAHUL RELLY

જમ્મુ-કાશ્મીરમાં વિધાનસભા ચૂંટણીના બીજા તબક્કાનો પ્રચાર આજે સાંજે સમાપ્ત થઈ જશે. કેન્દ્રશાસિત પ્રદેશના પાંચ જિલ્લાઓનાં 26 વિધાનસભા મતવિસ્તારો માટે બીજા તબક્કામાં બુધવારે મતદાન થશે. જેમાં જમ્મુ ક્ષેત્રમાં રિયાસી, રાજૌરી અને પૂંચ તથા કાશ્મીર ખીણમાં શ્રીનગર અને બડગામ જિલ્લાનો સમાવેશ થાય છે. ઉલ્લેખનીય છે કે, જમ્મુ-કાશ્મીર વિધાનસભાની ચૂંટણી ત્રણ તબક્કામાં યોજાઈ રહી છે અને 8 ઓક્ટોબરે મતગણતરી હાથ ધરાશે. આ દરમિયાન, રાજકીય પક્ષોએ બીજા અને ત્રીજા તબક્કા માટે પ્રચારને તેજ બનાવ્યો છે. ત્યારે આજે લોકસભાના વિપક્ષના નેતા રાહુલ ગાંધી પૂંચ અને શ્રીનગરમાં ચૂંટણી રેલીઓને સંબોધિત કરશે.

કોંગ્રેસ-NC ગઠબંધનના ઉમેદવાર અને AICC સચિવ શાહનવાઝ ચૌધરીના સમર્થનમાં સરહદી જિલ્લા પૂંચના સુરનકોટ શહેરમાં પ્રથમ ચૂંટણી રેલીને સંબોધિત કરી. ત્યારબાદ તેઓ બપોરે JKPCC પ્રમુખ અને જોડાણના ઉમેદવાર, તારિક હમીદ કારાના સમર્થનમાં શ્રીનગરના સેન્ટ્રલ શેલતાંગ વિધાનસભા મતવિસ્તારમાં ઝૈનાકોટ ખાતે ચૂંટણી રેલીને સંબોધશે. ત્રીજા તબક્કાનું મતદાન 1 ઓક્ટોબરે યોજાશે. 8 ઓક્ટોબરે મત ગણતરી થશે.

દરમિયાન હરિયાણા વિધાનસભાની ચૂંટણીના પ્રચાર માટે કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ આજે ટોહાના અને જગાધરી ખાતે જાહેરસભાઓ સંબોધશે.

# AMIT SHAH

કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ વિધાનસભા ચૂંટણી પૂર્વે ભારતીય જનતા પાર્ટીનાં કાર્યકરો સાથે વાતચીત કરવા આવતીકાલથી મહારાષ્ટ્રની બે દિવસની મુલાકાતે જશે. ભાજપના રાજ્ય એકમના વડા ચંદ્રશેખર બાવનકુલેએ જાહેરાત કરી

હતી કે શ્રી શાહ તેમના પ્રવાસના પ્રથમ દિવસે નાગપુર અને છત્રપતિ સંભાજીનગરમાં પક્ષના હોદેદ્દારો સાથે બેઠક કરશે અને 25 સપ્ટેમ્બરે નાસિક તથા કોલ્હાપુરની મુલાકાત લેશે.

દરમિયાન, રાજ્યની આગામી વિધાનસભા ચૂંટણી માટે મુંબઇમાં 10 હજાર 111 મતદાન મથકો ઊભા કરવામાં આવશે, જે તાજેતરમાં યોજાયેલી લોકસભા ચૂંટણી કરતા 218 વધુ છે એમ બૃહન્મુંબઇ મ્યુનિસિપલ કોર્પોરેશન-બીએમસીએ જણાવ્યું છે.

# MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચાર આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે આપ અમારા ટવીટર હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરી શકો છો...

# TIRUPATI SUDDHIKARAN

તિરૂપતિના લાડુ બનાવવા માટે વપરાતા ઘીમાં પ્રાણીની ચરબી મળી આવ્યા બાદ શુદ્ધિકરણ વિધિ તરીકે સોમવારે શ્રી વેંકટેશ્વર મંદિરમાં શાંતિ હોમ કરવામાં આવ્યો હતો. ભેળસેળની ખરાબ અસરોને દૂર કરવા, ભક્તોની સુખાકારી સાથે લાડુ પ્રસાદમની પવિત્રતા પુનઃસ્થાપિત કરવા માટે હોમનું તિરુમાલા તિરુપતિ દેવસ્થાનમ દ્વારા આયોજન કરવામાં આવ્યુ હતું..

આજે સવારે 10 પૂજારીઓના જૂથે પૂજા અને સંબંધિત ધાર્મિક વિધિઓ કરી હતી.. ભેળસેળનો મુદ્દો ગયા અઠવાડિયે પ્રકાશમાં આવ્યો હતો જ્યારે મુખ્ય પ્રધાન એન. ચંદ્રબાબુ નાયડુએ આરોપ લગાવ્યો હતો કે જ્યારે YSR કોંગ્રેસ પાર્ટી સત્તામાં હતી ત્યારે તિરુમાલાના લાડુ બનાવવામાં પશુ ચરબીવાળા ઘીનો ઉપયોગ કરવામાં આવ્યો હતો.

મુખ્યમંત્રી ચંદ્રબાબુ નાયડુએ YSRCP સરકાર દરમિયાન TTDમાં કથિત અનિયમિતતાઓની પોલીસની વિશેષ તપાસ ટીમ દ્વારા તપાસનો આદેશ આપ્યો હતો.

## JP NADDA PM JAY

કેન્દ્રીય આરોગ્ય મંત્રી જે.પી. નડ્ડાએ કહ્યું છે કે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના દૂરંદેશી નેતૃત્વ હેઠળ દેશની આરોગ્ય માળખાકીય સુવિધામાં વધારો થયો છે. પ્રધાનમંત્રી જન આરોગ્ય યોજનાની આજે છઠ્ઠી વર્ષગાંઠે એક સોશિયલ મીડિયા પોસ્ટમાં, શ્રી નડ્ડાએ જણાવ્યું હતું કે, દેશનાં તમામ નાગરિકો માટે આરોગ્યની પ્રતિબદ્ધતા સાથે સરકારે વિશ્વની સૌથી મોટી નિઃશુલ્ક આરોગ્ય વીમા યોજના, પ્રધાનમંત્રી જન આરોગ્ય યોજના શરૂ કરી છે. તેમણે જણાવ્યું કે, સરકાર ગર્ભાશયના કેન્સરનાં વહેલા નિદાન અને સારવાર માટે મોટાપાયે અને સસ્તા દરમાં રાષ્ટ્રવ્યાપી ગર્ભાશય કેન્સરની તપાસનો કાર્યક્રમ ચલાવી રહી છે.

શ્રી નડ્ડાએ જણાવ્યું કે, તમામ નાગરિકોને આવશ્યક આરોગ્ય સંભાળ સુવિધા સુનિશ્ચિત કરવા દેશભરમાં પ્રધાનમંત્રી જનઔષધિ કેન્દ્રો શરૂ કરવામાં આવ્યા છે, જ્યાં સસ્તા દરની, ઉચ્ચ ગુણવત્તા ધરાવતી દવાઓ પૂરી પાડવામાં આવે છે.

## EC RANCHI

મુખ્ય ચૂંટણી કમિશનર રાજીવ કુમારના નેતૃત્વમાં, ચૂંટણી પંચની 12 સભ્યોની આજે સવારે ઝારખંડની રાજધાની રાંચી પહોંચી હતી.. આ ટીમ આજે સાંજે રાજ્યના મુખ્ય સચિવ અને ડીજીપી સાથે બેઠક કરશે. આ પહેલા કમિશનની ટીમે રાજકીય પક્ષોના પ્રતિનિધિઓ સાથે બેઠક કરી હતી.

બપોરે કમિશનની ટીમ અમલીકરણ એજન્સીઓ સાથે સંકળાયેલા 21 વિભાગોના અધિકારીઓ સાથે બેઠક કરશે. ત્યારબાદ મુખ્ય ચૂંટણી અધિકારી અને નોડલ ઓફિસર સાથે પણ બેઠક થશે. 24 સપ્ટેમ્બરે ચૂંટણી પંચની ટીમ ઝોનલ

આઈજી, રેન્જના ડીઆઈજી, ડિવિઝનલ કમિશનર અને જિલ્લાના એસપી અને ડીસી સાથે બેઠક કરશે.

## SRILANKA PRESIDENT

શ્રીલંકામાં નેશનલ પીપલ્સ પાવર પાર્ટીના નેતા અનુરા કુમારા દિસા નાયકેનએ નવમા રાષ્ટ્રપતિ તરીકે શપથ લીધા છે. આજે સવારે રાષ્ટ્રપતિ સચિવાલયમાં શપથ ગ્રહણ યોજાયો હતો. શ્રી દિસાનાયકેએ રસાકસીભરી ચૂંટણીમાં વિપક્ષી નેતા સાજિથ પ્રેમદાસાને હરાવ્યા હતા.

બીજા તબક્કાની મતગણતરીમાં તેમનો વિજય થયો હતો. અગાઉ પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ અનુરા દિસાનાયકેને શ્રીલંકાના રાષ્ટ્રપતિની ચૂંટણીમાં જીત મેળવવા બદલ અભિનંદન પાઠવ્યા હતા.

## NAVY - MARITIME SYMPOSIUM

ભારતીય નૌકાદળ આજથી નેવલ વોર કોલેજ, ગોવા ખાતે ગોવા મેરીટાઇમ સિમ્પોઝિયમની પાંચમી આવૃત્તિનું આયોજન કરશે. સંરક્ષણ મંત્રાલયે જણાવ્યું કે, ગોવા મેરીટાઇમ સિમ્પોઝિયમ એ ભારત અને હિંદ મહાસાગર ક્ષેત્રના મુખ્ય દરિયાઈ દેશો વચ્ચે સહયોગ અને પરસ્પર સમજણને પ્રોત્સાહન આપવાનું મંચ છે આ કાર્યક્રમની વિષયવસ્તુ હિંદ મહાસાગર ક્ષેત્રમાં દરિયાઈ સુરક્ષાના પડકારો છે. સેમિનારમાં ગેરકાયદે માછીમારી અને અન્ય ગેરકાયદેસર પ્રવૃત્તિઓ અંગે પણ ચર્ચાકરવામાં આવશે.

બેઠકમાં દરિયાઈ સુરક્ષા વધારવા માટેના સહયોગી પ્રયાસો પર ધ્યાન કેન્દ્રિત કરશે. આ બે દિવસીય સેમિનારમાં હિંદ મહાસાગર ક્ષેત્રના 12 દેશના નૌકાદળના પ્રતિનિધિઓ ભાગ લેશે. જેમાં બાંગ્લાદેશ, કોમોરોસ, ઈન્ડોનેશિયા, મડાગાસ્કર, મલેશિયા, માલદીવ, મોરેશિયસ, મ્યાનમાર, સેશેલ્સ, સિંગાપોર અને

થાઈલેન્ડનો સમાવેશ થાય છે. કેન્યા અને તાન્ઝાનિયાના પ્રતિનિધિઓ નિરીક્ષકો તરીકે સિમ્પોઝિયમમાં ભાગ લેશે.

## WORLD RECORD

પ્રાદેશિક સેનાની 128મી ઇન્ફન્ટ્રી કોર્પ્સે એક કલાકમાં પાંચ લાખથી વધુ રોપા વાવીને વિશ્વ વિક્રમ સ્થાપ્યો છે. રેતાળ જેસલમેરને હરિયાળું બનાવવાના ઉદ્દેશ્ય સાથે, આ કાર્યક્રમનું મોટા પાયે આયોજન કરવામાં આવ્યું હતું.

કેન્દ્રીય પર્યાવરણ મંત્રી ભૂપેન્દ્ર યાદવે, આ સફળતા માટે પ્રાદેશિક સેનાને અભિનંદન પાઠવ્યા છે. એક પેડ મા કે નામ અભિયાન હેઠળ, જનભાગીદારીના અનોખા ઉદાહરણ તરીકે આ કાર્ય ઉભરી આવ્યુ છે.

## BANGLADESH TEST

ભારતીય ક્રિકેટ કંટ્રોલ બોર્ડ (BCCI)ની પસંદગી સમિતિએ બાંગ્લાદેશ સામેની બીજી ટેસ્ટ માટે ભારતીય ટીમમાં કોઈ ફેરફાર નથી કર્યો. બીજી ટેસ્ટ મેચ 27 સપ્ટેમ્બરથી કાનપુરમાં રમાશે.

ગઈકાલે ભારતે પ્રથમ ટેસ્ટનાં ચોથા દિવસે બાંગલાદેશને 280 રનથી હરાવીને શ્રેણીમાં 1 શૂન્યથી સરસાઈ મેળવી લીધી છે. બીજી ટેસ્ટમાં ભારતીય ટીમમાં કેપ્ટન રોહિત શર્મા, યશસ્વી જયસ્વાલ, શુબમન ગિલ, વિરાટ કોહલી, કે.એલ. રાહુલ, ઋષભ પંત, રવિન્દ્ર જાડેજા સહિતનાં ખેલાડીઓનો સમાવેશ થાય છે.